**નવી સેવા વર્ષ ૨૦૨૫-૨૬**

સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ પ્રોજેક્ટ (Cyber Centre of Excellence Project) અંતર્ગત અલગ કચેરી માટે વિવિધ સંવર્ગની જગ્યાઓ તેમજ Information Technology (I.T.) સંસાધનો મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : HD/MHK/e-file/8/2025/0256/C

સચિવાલય,ગાંધીનગર.

તારીખ :

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તારીખ ૦૬/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: ઈ/૧૫૩૬/ નવી સેવા ૨૦૨૫-૨૬/૪૫/૨૦૨૫.

(૨) વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર : ૧૨ પાન નંબર - ૧૬૦ અને ૧૮૮.

**ઠરાવ :-**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે તારીખ ૦૬/૦૧/૨૦૨૫ના પત્રથી સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ પ્રોજેક્ટ (Cyber Centre of Excellence Project) અંતર્ગત અલગ કચેરી માટે વિવિધ સંવર્ગની જગ્યાઓ તેમજ Information Technology (I.T.) સંસાધનો મંજૂર કરવા માટે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ વિવિધ સંવર્ગની કુલ ૧૧૮૬ નવી જગ્યાઓ ઉભી કરવા તેમજ આઈ.ટી. સંસાધનો ખરીદવા માટે કુલ રૂપિયા ૨૯૮.૮૬ કરોડનીની નવી બાબતની જોગવાઇનો વિભાગના વર્ષ ૨૦૨૫ - ૨૬ના અંદાજપત્રમાં જોગવાઇ કરવા દરખાસ્ત કરેલ. જે સંદર્ભે વંચાણે લીધા ક્રમાંક (૨) સામે દર્શાવ્યા મુજબની જોગવાઇ વિભાગના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જે નવી બાબતની કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની મંજુરી આપવાની બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાના અંતે, વિભાગના વર્ષ ૨૦૨૫ - ૨૬ ના અંદાજપત્રમાં સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ પ્રોજેક્ટ (Cyber Centre of Excellence Project) અંતર્ગત અલગ કચેરી માટે વિવિધ સંવર્ગની જગ્યાઓ તેમજ Information Technology (I.T.) સંસાધનો મંજૂર કરવા માટે પત્રક-અ મુજબની વિવિધ સંવર્ગની કુલ-૧૧૮૬ જગ્યાઓ માટે કુલ રૂપિયા ૯૩.૩૮ કરોડ, પત્રક-બ મુજબ કચેરી ખર્ચ માટે રૂપિયા ૨.૯૪ કરોડ અને પત્રક-ક મુજબના આઈ.ટી સંસાધનો માટે રૂપિયા ૨૦૨.૫૪ કરોડ એમ કુલ ૨૯૮.૮૬ કરોડની (અંકે રૂપિયા બસો અઠ્ઠાણું કરોડ છીયાસી લાખ પૂરા) કરેલ નવી બાબતની જોગવાઇનો ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**પત્રક-અ**

| અ.નં. | હોદ્દો | જગ્યાઓની સંખ્યા | RoP-2016 મુજબ પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | પોલીસ મહાનિરીક્ષક/નાયબ પોલીસ મહાનિરીક્ષક | ૧ | ૧૩૧૧૦૦-૨૧૬૬૦૦ |
| ૨ | પોલીસ અધિક્ષક | ૪ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૩ | બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષક | ૧૨ | ૫૬૧૦૦-૧૭૭૫૦૦ |
| ૪ | બિન હથિયારી પોલીસ ઇન્સપેક્ટર | ૫૦ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૫ | વાયરલેસ પોલીસ ઇન્સપેક્ટર | ૨૦ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૬ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર | ૮૦ | ૩૯૦૦૦-૧૨૬૬૦૦ |
| ૭ | વાયરલેસ પોલીસ સબ ઇન્સપેક્ટર | ૩૦ | ૩૯૦૦૦-૧૨૬૬૦૦ |
| ૮ | બિન હથિયારી હેડ કોન્સટેબલ | ૩૦૦ | ૨૧૭૦૦-૬૯૧૦૦ |
| ૯ | બિન હથિયારી પોલીસ કોન્સટેબલ | ૪૭૫ | ૧૮૦૦૦-૫૬૯૦૦ |
| ૧૦ | ડ્રાઇવર પોલીસ કોન્સટેબલ | ૩૦ | ૧૮૦૦૦-૫૬૯૦૦ |
| ૧૧ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ | ૩ | ૩૯૦૦૦-૧૨૬૬૦૦ |
| ૧૨ | કચેરી અધિક્ષક | ૧ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૧૩ | જુનિયર કારકુન | ૧૦ | ૧૯૦૦૦-૬૩૨૦૦ |
| ૧૪ | સાયબર એક્ષપર્ટ (આઉટસોર્સ) | ૮૦ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૧૫ | પટાવાળા (આઉટસોર્સ) | ૫ | લઘુતમ વેતન મુજબ |
| ૧૬ | ચીફ ઇન્વેસ્ટીગેટર(આઉટસોર્સ) | ૧ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૧૭ | ટીમ ઓફ એનાલિસિસ્ટ (આઉટસોર્સ) | ૧૦ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૧૮ | સોશિયલ મીડિયા એનાલિસ્ટ(આઉટસોર્સ) | ૧૦ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૧૯ | ડાર્ક વેબ એનાલિસ્ટ (આઉટસોર્સ) | ૧૦ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૦ | માલવેર ડેવલોપર (આઉટસોર્સ) | ૦૪ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૧ | ફીશિંગ એક્સપર્ટ (આઉટસોર્સ) | ૦૪ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૨ | સર્વેલન્સ ડેટા એક્સપર્ટ (આઉટસોર્સ) | ૦૪ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | એક્સપ્લોઈટ ડેવલોપર (આઉટસોર્સ) | ૦૬ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૪ | ડેવલપ સેકટર ઓપરેટર એન્જિનિયર( DevSecOps Engineer) | ૦૪ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૫ | એડવાન્સ ઈન્ટ્રુશન ડિટેક્શન એનાલિસ્ટ( Advanced Intrusion Detection Analyst) | ૦૮ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૬ | ઈન્ટ્રુશન ડિટેક્શન એનાલિસ્ટ (Intrusion Detection Analyst ) | ૦૮ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૭ | ઈન્સિડન્ટ રિસ્પોંડન્ટ (Incident Respondent (SEC402 ; SEC504 GCH ; FOR508 GCFA ; FOR509 ; FOR518) | ૦૮ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| ૨૮ | ઈન્સિડન્ટ રિસ્પોંડન્ટ (Incident Respondent(FOR572 GCFA ; FOR578 GCTI ; FOR610 GREM) | ૦૮ | GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ |
| | કુલ | ૧૧૮૬ | |

<u>પત્રક-બ</u>

| ક્રમ | ઓફીસ ઓટોમેશનની સામગ્રીનું નામ | નંગ | ખર્ચની રકમ (કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર | ૩૫૦ | ૧.૭૫ |
| ૨ | પ્રિંટર | ૩૩૨ | ૦.૫૦ |
| ૩ | ઝેરોક્ષ મશીન | ૩૫ | ૦.૬૦ |
| ૪ | સ્કેનર | ૨૧ | ૦.૦૬ |
| ૫ | કચેરી ખર્ચ/પેટ્રોલ/ટેલીફોન | - | ૦.૦૩ |
| | કુલ | ૭૩૮ | ૨.૯૪ |

<u>પત્રક-ક</u>

| **Cyber Centre of excellence project Required Hardware & Software સને ૨૦૨૫-૨૬** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **Sr. No** | **Objective** | **Outcome** | **Item** | **Technology required to achieve objective** | **Approxy Price** | **No. of Units** | **Total price** |
| | | | **Computer Forensic Lab** | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | To investigate digital evidence from computers and storage devices to uncover critical information | Capability to analyze and recover data from diverse computer systems and storage devices. | 1 | "<br>"Computer/Disk Forensic Tool<br>1.Exterro FTK<br>2.EnCase<br>3.Magnet Axiom<br>4. OS Forensics" | 2,50,00,000 | 1 | 2,50,00,000 |
| | | | 2 | Mac Forensic (Cellebrite Digital Collector and Inspector with Mac Book) | 40,00,000 | 1 | 40,00,000 |
| | | | 3 | Forensic Lab Station | 25,00,000 | 25 | 6,25,00,000 |
| | | | 4 | Workstation | 8,65,000 | 106 | 9,16,90,000 |
| | | | 5 | DVR Analysis Tools | 30,00,000 | 5 | 15,000,000 |
| | | | 6 | CCTV Enhancement Tool | 25,00,000 | 3 | 75,00,000 |
| | | | 7 | Disk Forensic Tool | 30,00,000 | 25 | 7,50,00,000 |
| 3 | To monitor, analyze, and investigate network traffic for forensic purposes | Ability to trace and investigate cyber intrusions and network-related crimes | **Network Forensic lab** | | | | |
| | | | 1 | High End Forensic Workstation | 20,00,000 | 2 | 40,00,000 |
| | | | 2 | High Configuration Computers | 1,50,000 | 2 | 3,00,000 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | 3 | Network Miner | 30,00,000 | 2 | 60,00,000 |
| | | | 4 | P-Cap Data Analyser | 30,00,000 | 1 | 30,00,000 |
| | | | 5 | Proxmack3 RDV 4 | 68,500 | 10 | 68,50,000 |
| | | | 6 | Packet Squirrel MARK II - Hack5 | 95,940 | 40 | 38,37,600 |
| | | | 7 | Screen Crab - Hack5 | 1,90,320 | 10 | 19,03,200 |
| 5 | To monitor, analyze, and investigate social media platforms and OSINT data | Enhanced ability to track and analyze social media activity for investigative purposes. | **Social Media Analysis Lab** | | | | |
| | | | 1 | High End Forensic Workstation | 25,00,000 | 2 | 50,00,000 |
| | | | 2 | High Configuration Computers | 1,50,000 | 2 | 3,00,000 |
| | | | 3 | Server | 1,00,00,000 | 1 | 1,00,00,000 |
| | | | 4 | Social Media Monitoring and OSINT Tool(1. Social Links, 2. Insight) | 1,50,00,000 | 2 | 3,00,00,000 |
| | | | 5 | OSINT Tool - Palantir | 12,50,000,000 | 1 | 12,50,000,000 |
| 6 | To monitor and investigate activities on the dark web for criminal evidence | Ability to track illegal activities, identify suspects, and gather actionable intelligence | **Darkweb monitoring & Analysis Lab** | | | | |
| | | | 1 | High End Forensic Workstation | 20,00,000 | 2 | 40,00,000 |
| | | | 2 | High Configuration Computers | 1,50,000 | 2 | 3,00,000 |
| | | | 3 | Server | 1,00,00,000 | 1 | 1,00,00,000 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | from the dark web. | 4 | Darkweb Monitoring and OSINT Tool (1.Recorded Futere, 2.Dark Owl, 3.Resecurity) | 2,00,00,000 | 2 | 4,00,00,000 |
| 7 | To investigate cryptocurrency transactions and trace blockchain-based criminal activities. | Improved capability to track and analyze cryptocurrency transactions and wallets. | **Crypto Analysis Unit** | | | | |
| | | | 1 | High End Forensic Workstation | 20,00,000 | 2 | 40,00,000 |
| | | | 2 | High Configuration Computers | 1,50,000 | 2 | 3,00,000 |
| | | | 3 | Server | 1,00,00,000 | 1 | 1,00,00,000 |
| | | | 4 | Crypto Currency Forensic Tool (Chainalysis) | 2,50,00,000 | 1 | 2,50,00,000 |
| 8 | To analyze and investigate malicious software for cybercrime investigations. | Capability to identify, reverse-engineer, and mitigate malware threats | **Malware Analysis Unit** | | | | |
| | | | 1 | High End Forensic Workstation | 20,00,000 | 2 | 40,00,000 |
| | | | 2 | High Configuration Computers | 1,50,000 | 2 | 3,00,000 |
| | | | 3 | Server | 1,00,00,000 | 1 | 1,00,00,000 |
| | | | 4 | Malware Analysis Tools | 1,50,00,000 | 1 | 1,50,00,000 |
| | | | 5 | Threat Intelligence Tool | 12,500,000 | 1 | 12,500,000 |
| 9 | To process and analyze | Improved ability to | **Big Data Analysis Unit** | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | large datasets for investigative insights. | derive actionable intelligence from bulk data, call records, and financial trails. | 1 | High End Forensic Workstation | 20,00,000 | 2 | 40,00,000 |
| | | | 2 | High Configuration Computers | 1,50,000 | 2 | 3,00,000 |
| | | | 3 | Server | 2,00,00,000 | 1 | 2,00,00,000 |
| | | | 4 | Bulk Data Analysis tools | 1,50,00,000 | 2 | 3,00,00,000 |
| | | | 5 | CDR Analysis Tools | 5,00,000 | 2 | 10,00,000 |
| | | | 6 | IPDR Analysis tool | 5,00,000 | 2 | 10,00,000 |
| | | | 7 | Bank Financial Trail Analysis Tool | 20,00,000 | 2 | 40,00,000 |
| 10 | To support field investigations with advanced tools for capturing and analyzing data. | Enhanced on-field investigation capabilities for law enforcement agencies. | **Investigation Unit** | | | | |
| | | | 1 | High End Forensic Workstation | 20,00,000 | 2 | 40,00,000 |
| | | | 2 | Ip Capture tool | 5,00,000 | 2 | 10,00,000 |
| | | | 3 | Cell Id capturer tool | 5,00,000 | 2 | 10,00,000 |
| | | | 4 | Voyger Lab | 8,00,00,000 | 1 | 8,00,00,000 |
| | | | 5 | SIEM Tool | 1,00,00,000 | 1 | 1,00,00,000 |
| | | | 6 | Cellphone Forensic Analysis Tool | 55,00,000 | 25 | 55,00,000 |
| 11 | To provide a robust infrastructure for forensic labs to store, | Improved data storage, processing, and uptime for forensic | **Server & Other Items** | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | process, and analyze data. | investigations. | 1 | High End Sever with VM Ware, Smart Rack, Storage, Firewall | 3,00,00,000 | 1 | 3,00,00,000 |
| | | | 2 | SCADA-OT Log Collection Tool | 40,00,000 | 1 | 40,00,000 |
| | | | 3 | HP AIO 24-inch i5 12th | 3,25,000 | 34 | 1,10,50,000 |
| | | | 4 | UPS With Battry packs | 50,00,000 | 1 | 50,00,000 |
| | | | 5 | LAN Turtle | 48,750 | 20 | 9,75,000 |
| | | | 6 | Rubber Ducky (HACK5) | 77,350 | 30 | 23,20,500 |
| | | | 7 | Wifi Pineapple | 97,500 | 20 | 19,50,000 |
| | | | 8 | ALFA AWUS 1900 | 78,000 | 20 | 15,60,000 |
| | | | 9 | OMG Elite Field Kit - Hack5 | 4,87,500 | 8 | 39,00,000 |
| | | | 10 | Dell EMC Data Centre | 5,00,00,000 | 1 | 5,00,00,000 |
| | | | 11 | Interior Security Design and Thermal Layer | 78,00,000 | 2 | 1,56,00,000 |
| **TOTAL** | | | | | | | 2,02,54,36,300 |

<u>શરતો :-</u>

i. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

ii. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

iii. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

iv. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

v. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

vi. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

vii. વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

viii. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તારીખ ૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/ જીઓઆઈ/૧૦(પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તારીખ ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

ix. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તારીખ ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તારીખ ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

x. જે તે જગ્યાઓના પગાર-ધોરણો R.O.P.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે.

xi. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

xii. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

xiii. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે સંબંધિત ખાતાના વડાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

xiv. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

xv. કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

xvi. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

xvii. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

xviii. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો સંબંધિત ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ વહીવટી વિભાગ મારફત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

xix. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટસોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ) ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

xx. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું

અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

xxi. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું સંબંધિત ખાતાના વડાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

xxii. જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

xxiii. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**<u>આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો :-</u>**

i. પટાવાળાની ૦૫ જગ્યા પર લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે

ii. આઈ.ટી. સંલગ્ન તમામ મેનપાવરની સેવાઓ GIL દ્વારા નિયત થયેલ પ્રમાણિત દર મુજબ મેળવવાની રહેશે.

iii. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

iv. આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

v. સંબંધિત ખાતાના વડાએ ડ્રાઈવર અને વર્ગ-૦૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

vi. સંબંધિત ખાતાના વડાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે. સંબંધિત ખાતાના વડાએ આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની રહેશે.

vii. મહેનતાણાના દરો નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

viii. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

ix. આઉટસોર્સથી સેવા જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

**<u>આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે ખરીદવા અંગેની શરતો :-</u>**

i. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ii. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

iii. લેપટોપ ખરીદી અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગના તારીખ ૦૮/૦૮/૨૦૧૬ના પરિપત્રમાં જણાવેલ જોગવાઇ મુજબ અધિકારશ્રીઓને લેપટોપ મળવાપાત્ર હોય તો તે મુજબની ખરીદી કરવાની રહેશે.

iv. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

v. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત ખાતાના વડાની થશે.

vi. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

vii. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

viii. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

ix. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

x. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઇન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

xi. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

<u>**નવી મશીનરી ખરીદવા અંગેની શરતો :-**</u>

i. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ii. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

iii. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

iv. નવી મશીનરીની ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)

v. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

vi. નવી મશીનરી ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

vii. નવી મશીનરી ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

viii. નવી મશીનરી ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

ix. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું સંબંધિત ખાતાના વડાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

x. નવી મશીનરી ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

xi. જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

આ અંગેનો મહેકમ અને કચેરી સંલગ્ન ખર્ચ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ મુજબ “માંગણી નંબર : ૪૩, મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦, ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ, પેટા સદર : ૦૧ – MEP-6 જિલ્લા પોલીસ ખુદ” ખાતે ઉધારવાનો રહેશે.

આ અંગેનો આઈ.ટી. સંસાધન સંલગ્ન ખર્ચ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ મુજબ “માંગણી નંબર : ૪૬, મુખ્ય સદર : ૪૦૫૫-પોલીસ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર : ૦૦, ગૌણ સદર : ૨૦૭, પેટા સદર : ૦૧” ખાતે ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઇ-સરકારની ફાઇલ ઉપર નાણાકીય સલાહકારની તારીખ ૦૨/૦૪/૨૦૨૫ની અને સરકારશ્રીની તારીખ ૦૮/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મોદી

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક, ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી (ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/બ શાખા/ આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી

Signature Not Verified

Signed by:Ronak Modi
Under Secretary
Date:2025.04.09
14:15:47 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign